Saarth E-Journal

Saarth

E-Journal of Research

E-mail: sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO: 2395-339X
Peer Reviewed
Vol.1, Issue.5 No.13

Impact Factor: 6.89
Quarterly
Oct. to Dec. - 2016

# ગુજરાતની અસ્મિતા : વહેણ અને વમળ

*પ્રા.સુર્યકાંત ડાહ્યાભાઈ નકુમ

## પ્રસ્તાવના :

'ગુજરાતની અસ્મિતા' નો શબ્દપ્રયોગ સૌપ્રથમ મહાન સાહિત્યકાર કનૈયાલાલ મુંશીએ ઈ.સ.૧૯૧૭માં કર્યો હતો. આ ખ્યાલ બહુપરિમાણીય હોવાથી તેને માટે આંતરવિદ્યાશાખાકીય અભિગમની જરૂર છે. આવા કારણોસર ઈતિહાસ, સાહિત્ય, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર જેવા વિષયોને સાંકળીને આ લેખ દ્વારા ગુજરાતની અસ્મિતાના વહેણો અને વમળો ઉપસાવવામાં આવ્યા છે તેના કેટલાક પાસાંઓ નીચે મુજબ છે.

(*પ્રા.સુર્યકાંત ડાહ્યાભાઈ નકુમ, વ્યાખ્યાતા-ઈતિહાસ આર્ટ્સ, કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ, બોરસદ, જિ.-આણંદ)

ISSN: 2395-339X
Volume: 1 Issue: 5 Oct. To Dec. 2016

## ગુજરાતની વ્યાપારી સંસ્કૃતિ :

કુદરતે ગુજરાતને લગભગ ૧૬૦૦ કિ.મી.નો દરિયાઈ કાંઠો આપ્યો છે.વળી, ગુજરાતની પ્રજા સાહસિક છે. આવા કારણોસર ગુજરાતે હજારો વર્ષોથી વ્યાપારી સંસ્કારો ખિલવ્યા છે. આ સંસ્કારો શાંતિ અને જાનમાલની સલામતી તેમજ સહિષ્ણુતા જેવાં મૂલ્યો સાથે સંકળાયા છે. પૂર્વ આફ્રિકા, ઈરાન, આરબ દેશો અને છેક યુરોપ સાથે વેપાર કરીને ગુજરાતીઓએ દેશવિદેશમાં પ્રેમ, અહિંસા, સહકાર અને સહિષ્ણુતાની ભાવના પ્રગટ કરી છે.ગુજરાતની અસ્મિતાનું આ સૌથી વધારે વિશિષ્ટ અને ઉજ્જ્વલ પાસું છે. ઈ.સ.૧૬૭૦ ના દાયકામાં ભારતની મૂલાકાત લેનાર અંગ્રેજ તબીબ ડો. જહોન ફ્રાયરે લખ્યું છે કે :

> "મહારાષ્ટ્રની ધૂળિયા શાળઓમાં બાળકો મૂળાક્ષરો અને કક્કો-બારાખડીથી શરૂઆત કરે છે. જ્યારે ગુજરાતના બાળકો સરવાળો,બાદબાકી, ગુણાકાર અને ભાગાકારથી ભણતરની શરૂઆત કરે છે."

ડો. જહોન ફ્રાયરનું આ વિધાન ગુજરાતે ખીલવેલી વ્યાપારી સંસ્કૃતિને આબેહૂબ રીતે વ્યકત કરે છે. આવા કારણોસર જ આપણા પ્રખ્યાત અને લોકલાડીલા પારસી કવિ ખબરદારે ઈ.સ.૧૯૨૬ મા એક અમર કાવ્ય રચ્યું કે :

'ગુર્જર વાણી, ગુર્જર લ્હાણી, ગુર્જર શાણી રીત,

જંગલમાં પણ મંગલ કરતી, ગુર્જર ઉદ્યમ-પ્રીત,

જેને ઉર ગુજરાત હુલાતી, તેની સુરવન તુલ્ય મિરાત,

ISSN: 2395-339X
Volume: 1 Issue: 5 Oct. To Dec. 2016

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત'

ત્યારબાદ ગુજરાતના સુવિખ્યાત કવિ ઉમાશંકર જોશીએ 'ગુજરાતની અસ્મિતા' નો હુબહુ આત્મા નીચેના કાવ્ય દ્વારા પ્રગટ કર્યો છે :

'એ તે કેવો ગુજરાતી જે હો કેવળ ગુજરાતી?

હિંદભૂમિના નામે જેની ઉછળે ના છાતી?

સાગરપાર આફ્રિકા એડન લંકા સિંગાપુર,

મોરિશ્યસ ફિજી ન્યુઝિલેન્ડ જાપાન બ્રિટન અતિ દૂર.

કાર્યકૌશલ્ય-અતિથ્ય સુહાતી બધે ઉર-મઢુલીઓ ગુજરાતી

તે નહિ નહિ જ ગુજરાતી

જે હો કેવળ ગુજરાતી.'

આમ, ગુજરાતની ઐતિહાસિક અસ્મિતા ગુજરાતી સાહિત્ય દ્વારા પ્રગટ થતી રહી છે.

## જગડૂશાહ અને વસ્તુપાલ :

ઈ.સ. ના ૧૩મા સૈકામાં થઈ ગયેલા જગડૂશાહ અને વસ્તુપાલ ગુજરાતની વ્યાપારી સંસ્કૃતિના તેજસ્વી તારલાઓ હતાં. જગડૂશાહ કચ્છના ભદ્રેસર બંદરના મોટા વ્યાપારી અને દાનેશ્વરી હતા.તેમના સમકાલીન વસ્તુપાલ ગુજરાતના મહામાત્ય હોવા ઉપરાંત સ્તંભતીર્થ એટલે કે આજના ખંભાતના 'વેલાકુલાધ્યક્ષ' (ખંભાત બંદરના વહીવટકર્તા) હતા. જગડૂશાહ અને વસ્તુપાલ

ISSN: 2395-339X
Volume: 1 Issue: 5 Oct. To Dec. 2016

બંને ચૂસ્ત જૈન હોવા છતાં જગદૂશાહે ભદ્રેસરમાં અને વસ્તુપાલે સ્તંભતીર્થમાં મસ્જિદ બંધાવી હતી.આજેતો જ્ઞાતિવાદે અને કોમવાદે ગુજરાતમાં અનેક વમળો સર્જ્યાં છે. આજેપણ દલિતો અને આદિવાસીઓની મોટી સમસ્યા ખડી છે. તેને વિશે આપ સૌ વિદીત છો. પરંતુ ઈતિહાસ અનેક બોધપાઠોથી ભરેલો છે, અને આ દ્રષ્ટિએ જગડૂશાહ અને વસ્તુપાલના દ્ષ્ટાંતો આજની પેઢી માટે પ્રેરણારૂપ છે.

જગડૂશાહ અને વસ્તુપાલ આરબો સાથે વ્યાપાર કરતા અને આ વ્યાપર દ્વારા અઢળક વિદેશી હૂંડિયામણ ગુજરાતમાં ઠાલવતા. વળી, તે સમયે આરબોની વસાહતો 'ગુજરાતના બંદરીય નગરોમાં હતી, તેને લીધે એક લાભ એ થયો કે, સમગ્ર હિંદમાં પહેલવહેલો કાગળ ખંભાતમાં દાખલ થયો અને ત્યારપછી તો અમદાવાદ કાગળ ઉદ્યોગના કેન્દ્ર તરીકે એવુંતો ખીલી ઉઠ્યું કે તેણે અસલ તાડપત્રો અને ભોજપત્રો--------તેને લીધે લહિયાઓનો બહોળો વર્ગ વિકસ્યો. જેમકે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય (ઈ.સ.૧૦૭૯-ઈ.સ.૧૧૭૩) તાડપત્રોમાં લખતા જ્યારે ૧૫ મા અને ૧૬મા સૈકાના સંત, કવિઓ અને સૂફીઓ પ્રમાણમાં વધારે સરળ એવા કાગળ અસ્મિતા વ્યાપાર, વાણિજ્ય અને ટેકનોલોજી સાથે સંકળાઈ હતી.

## સંતો અને સૂફીઓ દ્વારા વ્યક્ત થયેલી અસ્મિતા:

નરસિંહ મહેતા, મીરાંબાઈ, દાદૂ દયાળ, સંત પ્રાણનાથ, અખો, શેખ અહમદ ગંજબક્ષ ખટ્ટુ સાહેબ, સૈયદ મોહંમદ શાહેઆલમ અને પીર ક્યામુદ્દીન ચિશ્તી જેવા સંતો અને સૂફીઓએ હિંદુ વર્ણવ્યવસ્થા સામે ભારે સંઘર્ષો કર્યા હતા. વળી, તેમણે કોમી એખલાસની જ્યોત પણ જલાવી હતી. તેમણે સ્થિતિચૂસ્ત અને જૂનવાણી બ્રાહમ્ણવાદી મૂલ્યો સામે સંઘર્ષ કરવાના આશયથી સંસ્કૃત

ISSN: 2395-339X
Volume: 1 Issue: 5 Oct. To Dec. 2016

ભાષાને બદલે ગુજરાતી ભાષાનો ઉપયોગ કર્યો હતો. સોની જ્ઞાતિમાં જન્મેલા અખાએ વૈષ્ણવ ધર્મગુરૂઓના દૂરાચરણો સામે છપ્પારૂપી ચાબખા મારતાં લખ્યું :

" ભાષાને શું વળગે – ભૂર?

રણમાં જીતે તે શૂર.

સંસ્કૃત બોલે તે શું થયું?

પ્રાકૃતથી કાંઈ નાસી ગયું?"

અખાના સમકાલીન કવિ ભાણદાસે ઘોષણા કરી કે : "સંસ્કૃત માંહી સમજે કોણ? પ્રાકૃત વાણી રચશું, સુગમ અર્થ સોહેલો પ્રીછીઓ,આ તત્વજ્ઞાન ઉચરશું."

પરંતુ અખાના લગભગ ૨૦૦ વર્ષ પહેલાં જુનાગઢના ભક્તકવિ નરસિંહ મહેતાએ હરિજનોને અપનાવ્યા અને હરિજનવાસમાં જઈને ભજનો ગાયા જેમકે :

"ગિરી તળેટીને કુંડ દામોદર, ત્યાં મહેતોજી ન્હાવા જાય... ભોર થયા લગી ભજન કીધું, સંતોષ

પામ્યા સહુ  વૈષ્ણવ, ઘેર પધાર્યા હરિ-જશ ગાતા,વાતા તાલ અને શંખ મૃદંગ,

હસી હસી નાગર તાળીયો લે છે, આ શા રે બ્રાહ્મણનાં ઢંગ?

મૌન ગ્રહીને મહેતોજી ચાલ્યા, અધવધરાને શો ઉતર દઉં?"

આમછતાં પણ નોંધપાત્ર બીના એ છે કે, મધ્યકાલીન સંતસુધારકો અને સૂફીઓએ સાદી અને તળપદી ભાષા દ્વારા સામાજિક પિરામીડની નીચે સબડતા સ્ત્રી-પુરૂષોના આક્રોશો વ્યક્ત કર્યા હતા.

ISSN: 2395-339X
Volume: 1 Issue: 5 Oct. To Dec. 2016

ગુજરાતમાં તે સમયે અનેક સૂફીઓ થઈ ગયા. તેમણે કોમી એખલાસની વાત કરી. જેમકે - મા ૧૭ સૈકામાં થઈ ગયેલા મહેસાણા જિલ્લાના કડી ગામમાં જન્મેલાં પીર ક્યામુદ્દીન ચિશ્તી (ઈ.સ.૧૬૯૦-ઈ.સ.૧૭૬૮) તેમના પિતા હજરત બદરુદ્દીન ઓલિયા પાસેથી તેમણે કૂરાન ઉપરાંત હિંદુ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો. અને વળી ફારસી ઉપરાંત ગુજરાતી ભાષા પણ શીખ્યા. તેઓ ગુજરાતના નગરો અને ગામડાઓમાં ઘુમીને સરળ ગુજરાતી ભાષામાં ઉપદેશો આપતાં. તેઓ બનારસનાં મહાન સંત સુધારક કબીરના જીવન અને કવનથી પ્રભાવિત થયા હતાં. કબીર સાહેબ અને પીર ક્યામુદ્દીન ચિશ્તીની વિચારસરણીમાં ઘણું સામ્ય પ્રવર્તે છે. કબીરે એક ભજનમાં ખ્યું છે :

"એક બુંદ એક મળ મૂતર,

એક ચામ એક ગુદા

એક જાતિ થૈ સબ ઉત્પના

કોન બહ્મના! કૌન સૂદા?"

તે જ પ્રમાણે પીર ક્યામુદ્દીન ચિશ્તીની વાણીનો નમૂનો છે :

"મારે મન તો સવળું ભાસે, લોક અવળું વિચારે, આપે હિંદુ, આપે મુસલમિન, દૂઈ કોનામાં પાડે?

હિંદુ-મુસલમિન બે અળગા નિરખે, સાહેબથી વિઘ્ન પાડે?

ઘાટ તો એ બીજો ઘડ્યો, જીવ ઈશ્વરરૂપી લોકો,

એમાં તો કોઈ વિગત નથી, કહો ચાવલ કે ચોખો."

ISSN: 2395-339X
Volume: 1 Issue: 5 Oct. To Dec. 2016

મધ્યકાલીન વિચારધારા બ્રિટીશયુગ દરમિયાન ઘણી બદલાઈ. ઈ.સ.૧૮૧૮મા ગુજરાતમાં રેલ્વે અને છાપખાનાં જેવાં ભૌતિક માધ્યમો ઉપરાંત પ્રગતિશીલ વિચારસરણીનો ઉદય થયો. તેને પરિણામે ગુજરાતમાં સતીપ્રથા, બાળલગ્ન, દહેજપ્રથા અને વિધવા ઉપરના અંકુશો તેમજ જ્ઞાતિપ્રથા સામે અભૂતપૂર્વ રીતે પ્રવાહો શરૂ થયા.આમછતાં પણ ગુજરાતની અસ્મિતાની ભાવના તો ચાલુ જ રહી. તેના સ્વરૂપનું હવે નિરૂપણ કરીશું.

## બ્રિટીશયુગ અને ગુજરાતની અસ્મિતા :

બ્રિટીશ શાસકોએ સર્જેલા નવા આયામોને પરિણામે ગુજરાતમાં દૂર્ગારામ મહેતાજી, કવિ નર્મદ, દલપતરામ, મહિપતરામ રૂપરામ, બહેરામજી મલબારી, અરદેશર ખબરદાર, કરસનદાસ મૂળજી અને બેચરદાસ લશ્કરી  જેવા સમાજસુધારકો ઉત્પન્ન થયા. અગાઉ ઉપર જણાવ્યું છે, તે મુજબ અખાએ પુષ્ટિમાર્ગી વૈષવ ધર્મગુરુઓના પાખંડો સામે ચાબખા માર્યા હતાં. ૧૯મા સૈકામાં કરસનદાસ મૂળજી અને નર્મદે આ વૈષ્ણવ ધર્મગુરૂઓ સામે એવો તો પ્રચંડ વિરોધ શરૂ કર્યો. જેના પરિણામે ઈ.સ.૧૮૬૧-૬૨ મા 'મહારાજ લાયબલ કેસ' શરૂ થયો. આ મુકદ્દમામાં ધર્મગુરૂઓનો પરાજય થયો. આ રીતે મધ્યકાલીન પરંપરાઓનું ૧૯ મા સૈકામાં બદલાયેલા સંજોગોમાં પુનરાવર્તન થયું.આ રીતે ગુજરાતની વ્યાપારી ઉપરાંત નૈતિક અને ધાર્મિકઅસ્મિતા પણ આબેહૂબ રીતે વ્યક્ત થઈ.

૨૦ મા સૈકામાં ગાંધીજીએ સમગ્ર દેશમાં નૈતિક અને રચનાત્મક ક્રાંતિનું સર્જન કરીને ગુજરાતની અસ્મિતાને નવપલ્લવિત કરી. અખાની જેમ જનસમૂદાય સુધી પહોંચવા માટે ગાંધીજીએ પણ સરળ ગુજરાતી ભાષા અપનાવી. અગાઊ સંતો,સુધારકો અને સૂફીઓએ

ISSN: 2395-339X
Volume: 1 Issue: 5 Oct. To Dec. 2016

વર્ણવ્યવસ્થા સામે પ્રહારોકર્યા હતા. વળી, તેમણે હિંદુ-મુસ્લિમ એકતાની વાતો કરી હતી. આમછતાં તેનું ધાર્યું પરિણામ આવ્યું નહીં. બીજી તરફ ગાંધીજીએ દક્ષિણ આફ્રિકા તેમજ ભારતમાં પ્રેમ,સદાચાર અને અહિંસાનો સંદેશો ફેલાવ્યો. તેમણે એકતરફ બ્રિટીશ સલ્તનતને હઠાવવા માટે અહિંસક સત્યાગ્રહો કર્યા અને બીજી તરફ તેમણે ખાદી અને દારૂબંધી જેવા રચનાત્મક કાર્યો હાથ ધર્યા.ગાંધીજી રામાયણ, મહાભારત અને ભાગવદ્ જેવા પ્રાચીન ધર્મગ્રંથો ઉપરાંત સંતપ્રાણનાથ, નરસિંહ, મીરાં અને અખો જેવા મધ્યકાલીન સંત સુધારકોથી પણ પ્રભાવિત થયાં હતાં. તેમણે હરિજનો અને આદિવાસીઓના ઉત્થાન માટે ભગીરથ પ્રયાસો કર્યા. એટલું જ નહિં પણ સરદાર વલ્લભભાઈ પટેલ, દાદાસાહેબ માવલંકર, નરહરિ પરીખ, કાકાસાહેબ કાલેલકર, અનસૂયાબેન સારાભાઈ, મીઠુબેન પિટીટ, કિશોરલાલ મશરૂવાળા, પરીક્ષિતલાલ મજમૂદાર, ઠક્કરબાપા, રવિશંકર મહારાજ અને મૂળરાજ વૈશ્ય જેવા મહાન નેતાઓ અને પાયાના કાર્યકરો ઉભા કર્યા. તેને પરિણામે સત્ય અને અહિંસાના આદર્શો પર આધારિત સ્વાતંત્ર્ય-સંગ્રામો શરૂ થયાં અને તેની સાથે-સાથે વળી રચનાત્મક કાર્યો શરૂ થયાં. વિશ્વના ઈતિહાસમાં આવા પ્રચંડ આંદોલનો નોંધાયા નથી.

## સમાપન :

પ્રસ્તુત લેખ દ્વારા એ વાત સ્પષ્ટ થાય છેકે ગુજરાતની અસ્મિતા બહુપરિમાણીય (Multi Dimensional) હતી. વ્યાપારી સંસ્કૃતિની સાથે તેના અવિભાજ્ય અંગરૂપે અહિંસા અને સહિષ્ણુતાના મૂલ્યો પણ સંકળાયા હતા.

ISSN: 2395-339X
Volume: 1 Issue: 5 Oct. To Dec. 2016

આજે ગુજરાત જ્યારે આર્થિક સિદ્ધિઓની હરણફાળ ભરી રહ્યું છે ત્યારે ઉપરોક્ત મૂલ્યોનું જાણે ધોવાણ થઈ રહ્યું છે. કોમવાદ અને જ્ઞાતિવાદના વમળોમાં ગુજરાત ફસાઈ ગયું છે. આવા સંજોગોમાં ગુજરાતના ઐતિહાસિક અનુભવો આપણા સૌ માટે સાચેજ પ્રેરણા અને બોધપાઠરૂપ છે.

## સંદર્ભસૂચિ પાદટીપ :-

1. રસિકલાલ છોટાલાલ પરીખ અને હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રીએ (સંપા.) ગુજરાતનો રાજકીય અને સંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ-૫. સલ્તનતકાલ (અમદાવાદ,૧૯૭૭)
2. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ-૬,મુઘલકાલ (અમદાવાદ,૧૯૭૯)
3. મકરંદ મહેતા (સંપા.) ગુજરાતમાં સંત અને સૂફી આંદોલન (અમદાવાદ,૨૦૦૭)
4. ગુજરાતના ઘડવૈયા (અમદાવાદ,૨૦૦૮)
5. સિરીન મહેતા ગુજરાતમાં નારીચેતના (અમદાવાદ,૨૦૦૯)
6. ડો.મંગુભાઈ આર. પટેલ,બેચરદાસ લશ્કરી ઔદ્યોગિક અને સમાજિક નેતા (૧૯૮૪)
7. નવીનચંન્દ્ર આચાર્ય,મુઘલકાલીન ગુજરાતનો ઈતિહાસ (અમદાવાદ,૧૯૭૪)
8. ભોગીલાલ સાંડેસરા,ઈતિહાસ અને સાહિત્ય (અમદાવાદ,૧૮૬૬)
9. જયંત કોઠારી,જયંત ગાડીત અને ચંન્દ્રકાંત શેઠ (સંપા.) ગુજરાતી સાહિત્યકોશ,ખંડ-એક મધ્યકાળ (ગુજરાતી સાહિત્ય પરિષદ,અમદાવાદ,૧૯૮૯).
10. R.L.Raval, 'Socio-Religious Reform Movements in Gujarat During the Nineteenth Century.' (New Delhi,1987)